બિન-સરકારી માધ્યમિક / ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને આપવામાં આવતા
અનુદાન બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૮૭/૨૧૭૪/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા ૨૪-૧૦-૧૯૮૯

વંચાણે લીધા :-

૧. શિ.વિ.નો તા.૨૯-૯-૭૭ નો ઠરાવ ક્રમાંક: જીએસો/૧૦૭૭/૩૪૦૬૭/ગ.
૨. શિ.વિ.નો તા.૧૦-૧૧-૭૮નો ઠરાવ ક્રમાંક: જીએસી/૧૦૭૭/૪૬૧૭૭/ગ.
૩. શિ.વિ નો તા.૯-૫-૮૦ નો ઠરાવ ક્રમાંક: જીએસી/૧૦૭૭/૨૮૨૬૨/ગ.
૪. શિ.વિ.નો તા.૨૯-૩-૮૬ નો ઠરાવ ક્રમાંક: જીએસી/૧૦૭૭/૬૬૮૦૨/ગ.
૫. શિ.વિ.નો તા.૧૪-૮-૮૭ નો ઠરાવ ક્રમાંક: ૧૧૮૭/૨૧૭૪/ગ.

ઠ રા વ :-

સરકારશ્રીના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક:૫ ઉપર દર્શાવેલ તા.૧૪-૮-૮૭ નો ઠરાવ બિન-સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડે છે.

૨. સરકારશ્રીના ઉપરોક્ત તા.૧૪-૮-૮૭ ના ઠરાવથી બિન-સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણીની ગ્રાન્ટ અંગે જે હુકમો કરવામાં આવેલ છે તેમાં સંસ્થાને ૧૯૮૬-૮૭ ના વર્ષમાં નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણીની જે રકમ ગ્રાન્ટ તરીકે ચૂકવવામાં આવેલ હોય તે રકમ આગળના વર્ષો માટે બીજો હુકમ થતાં સુધી ચાલુ રાખવાનું ઠરાવેલ છે. જે શાળાઓ ૧૯૮૬-૮૭ ના વર્ષમાં પૂર્ણ કક્ષાની શાળા તરીકે ન હતી તેવી શાળાના બીજા વર્ષમાં થયેલ ક્રમિક વર્ગ વધારા માટે રોકવામાં આવેલ સ્ટાફના પગાર ખર્ચને જુના પગાર ધોરણમાં જે ખર્ચ થાય તેના ઉપર નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણી ખર્ચ ઉપર ગ્રાન્ટ આપવાનું ઠરાવેલ છે.

૨. ગ્રાન્ટ પેટર્નમાં સુધારો કરવા અંગે સરકારશ્રીએ જે સમિતિ નીમેલ છે તેની મીટીંગમાં ચર્ચા કરવામાં આવ્યા મુજબ સમિતિ નવી ગ્રાન્ટ પેટર્ન અંગે

તેનો આખરી અહેવાલ આપે ત્યાં સુધી ૧૯૮૬-૮૭ ના વર્ષ બાદ જે જે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારો થયેલ હોય તેવી શાળાઓને નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણી માટે જે વધારાનું ખર્ચ ભોગવવું પડે છે તેને પહોંચી વળવા માટે સંસ્થાઓને વધારાનો ગ્રાન્ટ મળવી જોઈએ તેવી રજુઆતોને ધ્યાનમાં લઈને વચગાળાની રાહત તરીકે તા.૧૪-૮-૮૭ ના ઠરાવમાં સુધારો કરીને એવું ઠરાવવામાં આવે છે કે ૧૯૮૬-૮૭ ના વર્ષ બાદ જે જે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારો કરવામાં આવેલ હોય તેવી શાળાઓને વર્ગ વધારાના કારણે પે પેકેટમાં થયેલ વધારા માટે (જુના પગાર ધોરણ મુજબ) નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણીની રકમ ગ્રાન્ટ પેટર્ન અંગે છેવટના હુકમો ન થાય ત્યાં સુધી ચાલુ રાખવી. આ માટે ૧૯૮૬-૮૭ ના વર્ષના જુના પગાર ધોરણ મુજબ પે પેકેટની જે ખર્ચની વિગતો છે તેના આધારે જે જે શાળાઓમાં વર્ગની સંખ્યામાં વધારો કરવામાં આવેલ હોય તેવી શાળાઓને વધારેલ વર્ગ દીઠ નીચે પ્રમાણે રકમ સંસ્થાએ ખરેખર કરેલ ખર્ચને ધ્યાનમાં લઈને આપવી.

(૧) એક વર્ગનો વધારો થયેલ હોય તો અને જો એક શિક્ષક વધેલ હોય તો. — રૂ.૧,૮૦૦/-

(૨) એક વર્ગનો વધારો થયેલ હોયં તો અને જો બે શિક્ષકોનો વધારો થયેલ હોય તો. — રૂ.૩,૬૦૦/-

તે મુજબ જેટલા વર્ગો વધેલ હોય તેના કારણે જેટલી સંખ્યામાં શિક્ષકો વધ્યા હોય તે પ્રમાણેની રકમ સંસ્થાએ કરેલ ખરેખર ખર્ચની સામે ૧૯૮૬-૮૭ ના વર્ષની ખરેખર મળેલ રકમ ઉપરાંત વધારાની રકમ તરીકે ગ્રાન્ટ તરીકે ચૂકવવી. તે મુજબ ૧૯૮૬-૮૭ ના વર્ષ પછી કોઈ શાળામાં વર્ગ ઘટાડો થયેલ હોય તો તે વર્ગ ઘટાડાના પ્રમાણમાં ૧૯૮૭-૮૮ અને ત્યાર પછીના વર્ષમાં ગ્રાન્ટમાં ઘટાડો કરવો. આવી શાળાઓને ૧૯૮૬-૮૭ ના વર્ષની સ્થગિત કરેલ રકમ આપવાનું ચાલુ ન રાખવું. બાકીની શરતો તા.૧૪-૮-૮૭ ના ઠરાવ મુજબ યથાવત રહે છે.

૨. આ ઉપરાંત કોઈ શાળાએ ભાડાના મકાનને બદલે જો પોતાના મકાનમાં શાળા ૧૯૮૬-૮૭ ના વર્ષ પછી બદલેલ હોય તો શાળાના મકાન નિભાવણીની રકમ મકાનની કિંમતના પાંચ ટકા અથવા કાર્યપાલક ઈજનેરના વ્યાજબી ભાડાના

પ્રમાણપત્રની રકમ અથવા ૧૯૮૬-૮૭ ના વર્ષમાં ચૂકવેલ મકાન નિભાવણીની રકમ ત્રણમાંથી જે ઓછું હોય તે પ્રમાણે ચૂકવવું.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૨-૧૦-૮૯ ના રોજ સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ.મ.સુતરીયા
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, નાણાં / શિક્ષણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, શિક્ષણ (રાજ્યકક્ષા) ના અંગત મદદનીશ, ગાંધીનગર.
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
એ.જી. અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
વિભાગની તમામ શાખાઓ.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, સરકારી પોલીટેકનીક હોસ્ટેલ બિલ્ડીંગ, અમદાવાદ.
વિશિષ્ટ ફાઈલ, ગ શાખા, શિક્ષણ વિભાગ.

ભાવસાર-૧૮૧૦/૩